# પૂ.લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૩૦, સમયસાર ગાથા ૩૧
# તા. ૨૧-૧૦-૮૭

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. તેનો જીવ નામનો અધિકાર છે. તે જીવનું એટલે કે પોતાના શુધ્ધાત્માનું સ્વરૂપ શું છે તે આજ સુધી જીવે જાણ્યું નથી. દેહને જીવ માન્યો, કર્મને જીવ માન્યો, પુણ્ય-પાપના જે પરિણામ ઉત્પન્ન થાય છે તેને જીવ માન્યો, સુખ-દુઃખનું જે વેદન થાય છે તેને જીવ માન્યો, તે જીવ નથી. જીવ દેહથી અને પુણ્ય-પાપના પરિણામથી જુદો જાણનાર છે.

તો જાણનાર જીવને એક સમયમાત્ર જીવે જાણ્યો નથી. આત્માએ પોતાનું અસલી સ્વરૂપ શું છે તેને જાણ્યું નહીં. જે સ્વાંગ આવ્યો તેને જીવ જાણી લીધો. તે તો સ્વાંગ છે. જેમ નાટકમાં સ્વાંગ આવે છે, તે સ્વાંગ તો અનેક પ્રકારના ધારણ કરે છે. નાચવાવાળો તો એક છે પણ સ્વાંગ અનેક પ્રકારનો ધારણ કરે છે. કયારેક રાજાનો પાઠ કરે છે, કયારેક ભિખારીનું, કયારેક આવો, કયારેક આવો, (કયારેક) દારૂડીયાનો (સ્વાંગ ધારણ કરે), બહુ જ સ્વાંગ ધારણ કરે છે. જે સ્વાંગ છે તે સ્વભાવથી ભિન્ન છે. સ્વાંગ નીકળી જાય છે, સ્વભાવ રહી જાય છે.

તો ત્રણેકાળ પોતાનો મૂળ સ્વભાવ જે જ્ઞાતા-દષ્ટા, જ્ઞાન-આનંદ છે, આનંદમય આત્મા છે, જ્ઞાનમય આત્મા છે. તે તેનું અસલી મૂળ સ્વરૂપ છે. તો મૂળ સ્વરૂપને ન ઓળખ્યું, મનુષ્યની અવસ્થા થઇ તો હું મનુષ્ય છું, તિર્યંચની અવસ્થા થઇ-કાગડા, કૂતરાની તો હું કાગડો છું, હું કૂતરો છું, અને દેવમાં ગયો તો હું દેવ છું, સ્ત્રી થઇ તો હું સ્ત્રી છું, પુરુષ થયો તો હું પુરુષ છું. આત્મા સ્ત્રી નથી, પુરુષ નથી. આત્મા તો સ્ત્રી અને પુરુષની જે સ્વાંગરૂપ અવસ્થા છે તેનાથી ભિન્ન ચિદાનંદ આત્મા અંતરમાં બિરાજમાન છે. તે અંતરદષ્ટિથી જોવામાં આવે છે. તે બહિરદષ્ટિથી આત્મા જોવામાં આવતો નથી. જોવામાં આવતો નથી.

જે બહિરદષ્ટિથી એટલે કે ઇન્દ્રિયજ્ઞાનથી જે જુએ છે તે પરને જુએ છે. ઇન્દ્રિયજ્ઞાન સ્વને જોતું નથી. આંખ, કાન, નાક જે જ્ઞાનનો ઉઘાડ છે ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય શું અને ભાવેન્દ્રિય શું તે જગતે સાંભળ્યું પણ નથી. દ્રવ્યેન્દ્રિય કોનું નામ છે, જે આ સ્પર્શેન્દ્રિય, જીભ એ દ્રવ્યેન્દ્રિય, કાન છે, આ નાક છે ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઇન્દ્રિય જડ છે જડ, આ બધું જડ છે, તે પુદ્‌ગલની અવસ્થા છે, અચેતન છે. તેમાં (આત્મામાં) એક જ્ઞાનનો ઉઘાડ થાય છે. જ્ઞાન થાય છે ક્ષયોપશમજ્ઞાન, જેમાં જાણવાની ક્રિયા થાય છે. તે જાણવાની ક્રિયા પરને પ્રસિધ્ધ કરે છે તો

પરમાં આત્મા આત્મબુદ્ધિ કરી લ્યે છે. તેનાથી આત્મા જુદો છે. દેહથી જુદો, દ્રવ્યેન્દ્રિયથી જુદો અને દેહને જાણવાવાળું જે જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રને જાણવાવાળું જે જ્ઞાન તે જ્ઞાનથી જ્ઞાન ભિન્ન છે.

સૂક્ષ્મ વાત છે. કયારેય સાંભળ્યું પણ નથી, વિચાર્યું પણ નથી કે મારું સ્વરૂપ શું છે. થોડું પુણ્ય કરો, વ્રત કરો, તપ કરો, જાત્રા કરો ધર્મ થઇ જાશે. ભાઇ! ધર્મ નથી. એ કર્મ છે. કર્મથી બંધ થાય છે, આહા! અને ધર્મથી મોક્ષ થાય છે. ધર્મનો અર્થ આત્માના સ્વભાવનું નામ ધર્મ છે. પુણ્ય-પાપના જે પરિણામ શુભ અને અશુભ થાય છે તે આત્માનો સ્વભાવ નહીં હોવાથી તે ધર્મ નથી. અને આત્માનું જ્ઞાન, આત્માનું શ્રધ્ધાન તે આત્માનો સ્વભાવ હોવાથી તેનું નામ ધર્મ છે. જે ધર્મના પરિણામથી આત્માને અત્યારે વર્તમાનમાં આત્મિક શાંતિ મળી જાય અને ભવિષ્યમાં પણ પૂરી શાંતિ આનંદ મોક્ષનો પ્રગટ થઇ જાય તેનું નામ સ્વભાવ છે. સ્વભાવમાં સુખ છે. વિભાવમાં દુઃખ છે.

વિભાવનો અર્થ શું? કે કષાયની તીવ્રતા અને કષાયની મંદતા તીવ્ર કષાયને પાપના પરિણામ, તે પાપના પરિણામમાં જીવ દુઃખી થાય છે. અને કષાયની મંદતા પુણ્યના પરિણામ તેમાં થોડો ઓછો દુઃખી થાય છે પણ થાય છે દુઃખી. પાપના પરિણામમાં સુખ નથી અને પુણ્યના પરિણામમાં સુખ નથી. હિંસા, જૂઠ, ચોરીના પરિણામ તો દુઃખરૂપ છે જ, પણ અહીંસા આદિના પરિણામ જે છે શુભરાગ તે પણ દુઃખદાયક છે. કેમકે તે આસ્રવતત્ત્વ છે. તેમાં દુઃખ ભર્યું છે. તેમાં કિંચીત્માત્ર આત્મિક સુખનો સ્વાદ આવતો નથી. તેથી પુણ્ય-પાપના પરિણામથી આત્મા ભિન્ન છે અને પુણ્ય-પાપના પરિણામને જાણવાવાળું જે ઇન્દ્રિયજ્ઞાન તેનાથી પણ આત્મા જુદો-ભિન્ન છે. તે અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા અંદર બિરાજમાન છે. અંદર દેખવાવાળાને દેખવામાં આવે છે. દેખવાવાળાને દેખવામાં આવે છે. દેખે નહીં તો દેખાતો નથી. તો આ દેખાય છે.

તો આ વિષય ગંભીર ચાલે છે. ઇન્દ્રિયજ્ઞાનને જીતવાની ગાથા છે. ઇન્દ્રિયજ્ઞાન જીતવાથી મોહ જીતાય જાય છે. આત્માની નિર્મોહદશા થઈ જાય છે. નિરાગીદશા નથી થતી. પણ નિર્મોહદશા થાય છે. તે ગૃહસ્થઅવસ્થામાં થાય છે. નિરાગીદશા તો જયારે તે ઘરબાર છોડીને, કુટુંબને છોડીને, જંગલમાં જઇને સાધુ થાય છે, સાધુ એટલે કે આત્માને નિરંતર સાધે તેનું નામ સાધુ છે. સાધુનો અર્થ શું છે? કે નિરંતર પોતાના શુધ્ધાત્માની સાધના કરે, શુધ્ધોપયોગ દ્વારા સ્વરૂપમાં લીન થઈ જાય ત્યાં સંકલ્પ કે વિકલ્પનું ઉત્થાન થાય નહીં એવી નિર્વિકલ્પ ધ્યાનસ્થ અવસ્થાનું નામ મુનિરાજ સાધુ છે.

એ તો કોઈ અલગ-અપૂર્વદશા છે. તેની પહેલાં, સાધુ થવા પહેલાં, મોક્ષ થવાની પહેલાં

જીવ સાધુ થાય છે. સાધુ થવા પહેલાં જીવ સાધક હોય છે, ગૃહસ્થી, અવિરતસમ્યગ્દષ્ટિ શાસ્ત્રનો શબ્દ છે. એવા શુદ્ધાત્માના દર્શન ગૃહસ્થઅવસ્થામાં થાય છે. શુદ્ધાત્માના દર્શનનું નામ જ ધર્મ છે. ધર્મનો અર્થ-'વત્થુ સહાવો ધમ્મો' વસ્તુનો જે સ્વભાવ છે તેનું નામ ધર્મ છે. જેમ લીંબુનો સ્વભાવ ખાટો છે. તો ખાટાપણું તે લીંબુનો સ્વભાવ. સ્વભાવનો અર્થ ધર્મ, સ્વભાવનો અર્થ ધર્મ. ધર્મ એટલે સંવર, નિર્જરા, મોક્ષની વાત નથી. વસ્તુનો જે સ્વભાવ છે તેનું નામ વસ્તુનો ધર્મ કહેવામાં આવે છે.

જેમ સાકરનો સ્વભાવ મીઠાપણું. સ્વીટનેસ. તો તે સાકરનો સ્વભાવ છે અને અફીણનો સ્વભાવ કડવો છે. તેનો સ્વભાવ હોવાથી તેનો ધર્મ છે. તેમ આ આત્મા નામનો એક પદાર્થ છે. જેમ લીંબુ, સાકર, અફીણ બધા પદાર્થ છે જગતના તે પુદ્‌ગલની જાત છે. મૂર્તિક છે. અને આ આત્મા અરૂપી, અમૂર્તિક છે પણ જેમ લીંબુમાં ખટાશ ભરી છે, સાકરમાં મીઠાશ ભરી છે, અફીણમાં કડવાસ ભરપૂર-ભરચક ભરી છે તેમ ભગવાન આત્મા વસ્તુ હોવાથી તેમાં જ્ઞાન-આનંદ ભર્યો છે. છલોછલ ભર્યો છે.

જેમ પાણીનો લોટો પાણીથી ભરેલો છે. તેમ આ કાશીઘાટનો લોટો છે તેમાં આત્માના જ્ઞાન અને આનંદ અંદર છલોછલ ભરેલા છે, શકિતરૂપે છે. તે આત્માનો સ્વભાવ છે તેની સન્મુખ થઈને જયારે આત્માનું જ્ઞાન, ભાન, અનુભવ થાય છે. તો જે શક્તિમાં જ્ઞાન ને આનંદ હતો તે જ્ઞાન ને આનંદની ભરતી આવે છે. જેમ સમુદ્રમાં ભરતી આવે છે, મોજા. તેમ પરિણામ પ્રગટ થઈ જાય છે. એ જે જ્ઞાન-આનંદના પરિણામ પ્રગટ થાય છે તે આત્માનો સ્વભાવ છે. સ્વભાવ હોવાથી ધર્મ છે અને ધર્મ હોવાથી અતીન્દ્રિય સુખનો સ્વાદ આવે છે તેમાં. એવા આત્માને આત્માએ આજ સુધી કયારેય એક સેકન્ડ, એક સમયમાત્ર આત્માને જાણ્યો નહીં. અનાત્માને આત્મા માન્યો. પરને આત્મા માન્યો. પણ પરને આત્મા માનવાથી આત્મા ચાર ગતિનું દુઃખ ભોગવે છે.

દુઃખથી છૂટવાનો ઉપાય પોતાના સ્વરૂપને ઓળખો. અને પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈને તેનું ધ્યાન કરવાથી આત્મામાં આનંદ બહારમાં પ્રગટ થાય છે. જ્ઞાન-આનંદ ભર્યો છે તે બહાર નીકળે છે. એમ આ આત્માનું સ્વરૂપ બતાવવાવાળું એક પરમાગમ શાસ્ત્ર સમયસાર શાસ્ત્ર છે. જે આજથી બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય ભગવાને તાડપત્ર પર લખ્યું છે. તેની ટીકા છે અને તેનો અનુવાદ ચાલે છે.

ઇન્દ્રિયને જિતવાનો પ્રયોગ. ઇન્દ્રિયને જિતવાથી શું થાય છે કે આત્મભાન થાય છે. તો ઇન્દ્રિયને કેમ જિતાય? કે આંખ બંધ કરી દઉં, જોવાનું પણ બંધ કરી દઉં તો ઇન્દ્રિયોની જિત થઈ ગઈ? નહીં. કાનની અંદર લાકડીનું બુચ લગાવી દયે તો ઇન્દ્રિય જિતાતી નથી. તે અલગ

સ્ટાઇલ છે. તે તો પર વસ્તુ છે. પણ અંદરનો જે ઉઘાડ છે તે બહિર્મુખ જાય છે તે મારો ધર્મ નહીં, મારો સ્વભાવ નહીં, મારા પરિણામ પણ નહીં. તેનાથી હું ભિન્ન છું. એ ભિન્નનું ભાન થાય છે, તેનો વ્યાપાર અટકી જાય છે અને નવો વ્યાપાર અંદરમાં શરૂ થઈ જાય છે. તેનું નામ અનુભૂતિ છે. એ વાત આત્મા ને કેમ થાય છે તે બતાવે છે.

એ ત્રણેય ઇન્દ્રિય જીતીને, એટલે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ભાવેન્દ્રિયના વિષય બહારના પદાર્થ. તે ત્રણને જિતવાથી એટલે કે ત્રણેયનું લક્ષ છોડવાથી જિતવાનો અર્થ શું છે? તેનું લક્ષ છોડી દેવું. આ દ્રવ્યેન્દ્રિય આંખ મારી છે (એવી) બુદ્ધિ છોડી દેવી. આંખનો સ્વામી પુદ્ગલ છે, હું તેનો સ્વામી (નથી.) મારી ચીજ નથી. અને જે ક્ષયોપશમજ્ઞાનનો ઉઘાડ છે તે જ્ઞાન વ્યવહારજ્ઞાન છે તેનો સ્વામી જ્ઞેય છે. તેનો સ્વામી હું નથી. એમ તેનું લક્ષ છોડીને, અને તેને ઇન્દ્રિય દ્વારા જે જાણવામાં આવે છે તેનું લક્ષ છોડીને, તે ત્રણેયનું લક્ષ છોડીને અંતરધ્યાનમાં આત્મા આવે છે. ત્યારે આત્માના દર્શન થઇ જાય છે.

જ્ઞેય અને જ્ઞેય-જ્ઞાયક સંકર નામનો દોષ, જ્ઞાયક તો શુધ્ધાત્મા છે અને જે ઇન્દ્રિયજ્ઞાનનો ઉઘાડ છે એનું નામ જ્ઞેય છે. જ્ઞેય ભિન્ન છે અને જાણવાવાળો ભિન્ન છે. તે જે જાણવાવાળો આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે. અને જ્ઞેય એટલે કે જે ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર અંદરમાં ઉત્પન્ન થાય છે સ્વયંભૂ તે જ્ઞાન નથી પણ જ્ઞેય છે. તે જ્ઞેયથી જ્ઞાન ભિન્ન છે. ઇન્દ્રિયજ્ઞાનને આખું જગત જ્ઞાન માને છે પણ જ્ઞાન નથી. જ્ઞાનની વ્યાખ્યા એવી છે કે જે જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરે તેનું નામ જ્ઞાન છે. સૂર્યને પ્રસિધ્ધ કરે તેનું નામ આ પ્રકાશ છે. તે જે પ્રકાશ પૃથ્વીને પ્રસિધ્ધ કરે અને સૂર્યને પ્રસિધ્ધ ન કરે તો એ પ્રકાશ જ નથી.

એમ જે જ્ઞાન છે તે આત્માનું છે તે આત્માને પ્રસિધ્ધ કરે તો જ્ઞાન છે અને ઇન્દ્રિયજ્ઞાન જે છે બહિર્મુખ તે આત્માને પ્રસિદ્ધ નથી કરતું, પરને પ્રસિધ્ધ કરે છે. પરને પ્રસિધ્ધ કરવાવાળું જે જ્ઞાન છે તે અજ્ઞાન છે. જ્ઞેય છે અર્થાત્ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે આત્માને પ્રસિધ્ધ ન કરે તેનું નામ અજ્ઞાન છે. તો એ ત્રણેયને જીતીને જ્ઞેય-જ્ઞાયક નામનો સંકરદોષ થતો હતો તે બધા દૂર થવાથી ભેદવિજ્ઞાન થઇ ગયું. ભેદવિજ્ઞાન થયું. જેમ કપડું મેલું છે, (એમ કહેવાય છે) કપડું મેલું નથી. ખરેખર તો કપડાની અવસ્થા મલિન છે. તેનાથી સુક્ષ્મમાં જાઓ તો માટી મલિન છે. શું કહ્યું?

શ્રોતા-માટી મલિન છે.

ઉત્તર:- મણીભાઇ! કપડું મેલું થયું એમ માતા કહે, કપડા ધોવાના છે, સાફ કરવા છે. કપડા મેલા છે એવા મેલના સંયોગસંબંધથી કપડા સફેદ હોવા છતાં, સફેદ અને સ્વચ્છ હોવા

છતાં માટીનો સંયોગ જોઇને કપડાને મેલા કહેવા તે ઉપચાર વ્યવહારના કથન છે. ખરેખર કપડા મેલા નથી. ઉપર ઉપર દેખાય છે, ઉપર ઉપર દેખાય છે તે કપડા નથી. કપડા તેની અંદરમાં સફેદ અને સ્વચ્છ છે. દૂધ જેવા સફેદ છે. પણ વ્યવહારનયથી જુઓ તો કપડાની અવસ્થા મલિન થઇ છે તે વ્યવહારનયનું કથન છે. ખરેખર તે જે અવસ્થા છે તે માટીની છે. કેમકે કપડાની જાતની અવસ્થાનું નામ કપડાની અવસ્થા કહેવામાં આવે. કપડા સફેદ છે- અવસ્થા મલિન છે. તો જાત તેની નથી તો મલિનભાવ મેળવો તો માટીની સાથે મળે છે. તો માટીનું વિશેષ છે. માટીની અવસ્થા છે. ખરેખર કપડાની અવસ્થા નથી. કપડાની અવસ્થા કપડાથી જુદી નથી પડતી. અને જો જુદી પડે તો કપડાની અવસ્થા નથી. માતા! બરાબર?

મુમુક્ષુ - બરાબર, એકદમ દષ્ટાંત બરાબર.

ઉત્તર :- બહેનોને તો કપડાનો અનુભવ છે. એટલા માટે તેને દષ્ટાંત બેસી જાય. મેલ જુદો પડી જાય છે ને? જે મેલ નીકળી જાય છે, જો કપડાની અવસ્થા હોય તો નીકળવી ન જોઇએ. આત્મામાંથી જ્ઞાન નથી નીકળતું. આત્મામાંથી રાગ-દ્વેષ, સુખ-દુઃખ નીકળી જાય છે. તેથી આત્માની અવસ્થા નથી. અને ઇન્દ્રિયજ્ઞાન પણ નીકળી જાય છે તેથી આત્માની અવસ્થા નથી. આહાહા! રમણીકભાઈ! આ અભ્યાસ કરવા જેવો છે.

જુદી પડી જાય તે ચીજ મારી નથી. આ દેહ ચાલ્યો જાય છે. દેહને બધા બાળી દે છે. આહા! તો દેહને બાળે છે તો દેહ તો નીકળી જાય છે, વિયોગ થાય છે. તો દેહ મારી ચીજ નથી. તેમ આઠ કર્મનો અભાવ થઈ જાય છે. જ્યારે સિધ્ધ પરમાત્મદશા પ્રગટ થાય છે તો આઠ કર્મનો અભાવ થઈ જાય છે તેથી આઠ કર્મ આત્માની ચીજ નથી. પુષ્યને પાપના પરિણામ પણ જયારે યથાખ્યાત ચારિત્ર થઈ જાય છે કેવળજ્ઞાન, ત્યારે પુષ્ય-પાપ નીકળી જાય છે તેથી તે મારી ચીજ નથી.

તેવી રીતે ઇન્દ્રિયજ્ઞાન જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે તો નીકળી જાય છે. નીકળી જાય તે મારી ચીજ નથી. તેમ આ કપડાની અવસ્થા મલિન છે તે નીકળી જાય છે તેથી મારી નથી અને કપડાની જાત નથી. કપડા સફેદ છે અને મલિન અવસ્થા છે એમ બનતું નથી. જેવું સામાન્ય હોય તેવું વિશેષ હોવું જોઇએ. તો તે મેલ નીકળી જાય છે. તો કપડા મેલા છે તેમ કહેવું તે ઉપચારનું વ્યવહારનું કથન છે એટલે કે જુઠું કથન છે. કપડાને સફેદ કહેવું તે સાચું કથન છે. તેમ આત્માને રાગી કહેવો તે જુઠું કથન છે. આત્મા જ્ઞાનમય છે, રાગમય નથી. આહા! રાગ ઉપર દષ્ટિ છે તો રાગી દેખાય છે. જયારે દષ્ટિ પલટે છે અને જ્ઞાયક ઉપર દષ્ટિ જાય છે તો હું તો જાણનાર છું. રાગી હું નથી. આહાહા!

આમ ભેદજ્ઞાન કરવાથી આત્માનો અનુભવ થાય છે. તે અનુભવનું નામ ધર્મ છે તેનું નામ ધર્મધ્યાન અને શુકલધ્યાન છે. એમ આચાર્ય મહારાજ ભેદજ્ઞાનની બંસરી બજાવે છે, કે ભગવાન આત્મા ભિન્ન ને રાગ ભિન્ન છે. અતીન્દ્રિયજ્ઞાનમય નિજ પરમાત્મા ભિન્ન છે અને જે ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય છે તે ભિન્ન છે. જ્ઞાન ભિન્ન ને જ્ઞેય ભિન્ન, જ્ઞાન ભિન્ન ને રાગ ભિન્ન જ્ઞાન એટલે જ્ઞાનમય આત્મા. આ રીતે આ સર્વ ભેદો દૂર થવાથી એકત્વબુધ્ધિ છૂટી ગઇ. ઇન્દ્રિયજ્ઞાન મારું નહીં, મમત્વ છૂટી ગઇ. શું કહ્યું? કે ચિદાનંદ ભગવાન આત્મા અંતરદષ્ટિથી દેખાય છે અને બહિરદષ્ટિથી રૂપી પદાર્થ દેખાય છે. જે દેખાય છે તેમાં અહમ કરી લ્યે છે. દેહ દેખાય તો દેહ મારો, કુટુંબ દેખાય તો કુટુંબ મારું, મોટર, બંગલા, પૈસા, આહાહા! એ દુકાન દેખાય મીઠાભાઈની કાપડની, તો મારી, અને પ્રણામ-સંકલ્પમાં રેડીમેઇડની દુકાન દેખાય તો દુકાન મારી. નરેન્દ્રભાઇ કહે મારી. નરેન્દ્રભાઇની દુકાન નથી. બહિરદષ્ટિથી જે જોવામાં આવે છે તેમાં મોહ કરી લ્યે છે મારાપણું. તે મારી ચીજ હોતી નથી. મારાપણાની મિથ્થાબુધિ થાય છે તે દુઃખી થાય છે. મોહથી દુઃખી થાય છે. મોહ છૂટી જાય છે તો આત્મા સુખી થઇ જાય છે. તેમ આ ભગવાન બનવાનો મંત્ર છે. આ સમયસાર છે ને તે બધાને પરમાત્મા બનાવી દયે છે. બહિરઆત્મામાંથી અંતરાત્મામાં આવે છે અને અંતરાત્મા થાય તો અલ્પકાળમાં પરમાત્મા બની જાય છે. ચાર ગતિમાં રખડવા માટે સમયસાર નથી. દુઃખથી છૂટવા માટે શાસ્ત્ર છે. ગતિ પ્રિય છે તેના માટે સમયસાર નિમિત્ત નથી પડતું.

આ રીતે **જ્ઞેય-જ્ઞાય-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એક્તવમાં ટંકોત્કીર્ણ**, એકત્વ એટલે આત્મા એકરૂપ છે. જ્ઞાન-દર્શનમય આત્મા છે. જ્ઞાન-દર્શનવાળો નહીં, જ્ઞાન-દર્શનમય છે, મય-અનન્ય, એકરૂપે તાદાત્મ્ય છે. આત્મા જ્ઞાન-આનંદથી તાદાત્મ્ય છે. રાગ-દ્વેષ તો સંયોગસંબંધ છે, નીકળી જાય છે અને ઇન્દ્રિયજ્ઞાન પણ સંયોગસંબંધ છે, નીકળી જાય છે. તેની સાથે આત્માનો તાદાત્મ્યસંબંધ નથી. તાદાત્મ્યસંબંધ કોને કહે છે કે ત્રણેકાળ તેની સાથે રહે અને જુદા પડે નહીં. સાકરનું અને ગળપણ તેની સાથે સાકરની સાથે ગળપણનો તાદાત્મ્યસંબંધ છે. તે જુદા પડતા નથી. લેબોરેટરીમાં મોકલો કે ભઈ આમાંથી ગળપણ કાઢી દયો તો ગળપણ નથી નીકળતું. ગળપણ નીકળે તો સાકર જ રહેતી નથી. હા, મેલ નીકળી જાય છે. કેમકે મેલની સાથે સાકરનો સંયોગસંબંધ છે.

જેમ કપડાની સાથે મેલનો સંયોગસંબંધ છે. પણ કપડાની સાથે જે સફેદપણું છે, શ્વેતપણું છે તે તો તાદાત્મ્યસંબંધ છે. કપડાનો મેલ નીકળે છે પણ શ્વેતપણું, સફેદપણું કપડાનું તાદાત્મ્ય, તદ્‌રૂપ અનન્યસંબંધ છે. તે સફેદપણું નીકળતું નથી. એમ આત્મામાંથી અજ્ઞાન નીકળી જાય છે, જ્ઞાન નીકળતું નથી. અજ્ઞાન દૂર થઇ જાય છે પણ જ્ઞાન આત્માથી દૂર થતું નથી. એમ **એકત્વમાં ટંકોત્કીર્ણ**, એકત્વ એટલે એકપણું, એકપણું. એકત્વ એટલે એકપણું છે.

આત્મા એકનો બે નથી થાતો. આત્મા પોતાનો જે એકરૂપ છે તેને છોડીને તેનું બેરૂપ થતું નથી. કયારેક મનુષ્ય થઈ ગયો અને કયારેક દેવ થઈ ગયો ને કયારેક પુણ્યવાળો થઇ ગયો ને, કયારેય આત્મા ત્રણકાળમાં પુણ્ય-પાપરૂપ થતો નથી. એ તો અલગ ચીજ છે. માન્યતા કરવી છે એત્વબુદ્ધિ ભૂલ તો નીકળી જાય છે. આત્મા એકત્વ છે, એકરૂપ છું. હું એક છું એવું ભાન આવી જાય છે.

**એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે**, ટંકોત્કીર્ણ એટલે તેવું ને તેવું. આ જે પ્રતીમાજી છે એકવાર ઘડાઇ ગઇ, તો પ્રતીમાજી એવા ને એવા રહે છે. કાંઇ તેમાં વધઘટ થતી નથી. એ રીતે આ આત્મા છે તે ચૈતન્ય પ્રતીમા છે. તે (પેલી) તો કારીગર ઘડે છે, અને (આત્માને) કોઈ ઘડવાવાળો નથી. તે અઘટિત ઘાટ છે. અનાદિ-અનંત જેવો છે ચૈતન્ય પરમાત્મા એવો જ છે. નરકમાં જાય, નિગોદમાં જાય, દેવમાં જાય તોપણ ભગવાન આત્મા પોતાના ટંકોત્કીર્ણ સ્વભાવ છોડતો નથી. તેમાં આત્મામાં વધઘટ નથી થતી. જેમાં વધઘટ થાય તે આત્મા નથી. તે પરભાવ છે. પરદ્રવ્ય છે. પરદ્રવ્યમાં વધઘટ થાય, સ્વદ્રવ્યમાં વધઘટ નથી  થતી. એમ ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે, એટલે કે પોતાનો જે જ્ઞાનસ્વભાવ ત્રિકાળી સામાન્ય એક જ્ઞાયક તે હું છું. તેના દ્વારા, વડે **સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા**, આહા! તે ભગવાન આત્મા સિવાય, તે  આ ભગવાન અંદર બિરાજમાન છે. દેહ-દેવળમાં, આ દેહનું દેવળ છે. તેમાં ચૈતન્ય પ્રતીમા અલગ છે. એવો ને એવો અંદર બિરાજમાન છે.

ભગવાનના દર્શન કરવાથી ધર્મ થાય છે. બાળકોને માતા કહે કે મંદિરે જાવું અને પ્રભુના ભગવાનના દર્શન રોજ કરવા તો તને ધર્મ થશે. ભગવાનના દર્શન કરવાથી ધર્મ થશે તે વાક્ય સાચું છે. તે વાકય સાચું છે. પણ ભગવાન તો એક પ્રકારનો અંદરમાં છે. આ (અંદરમાં) ભગવાનના દર્શન કરવાથી ધર્મ થાય છે. તે (જિનેન્દ્ર) પરમાત્માના દર્શન કરવાથી પુણ્ય થાય છે (પણ) ધર્મ થતો નથી. તોપણ તે પરમાત્મા પોતાના સ્વરૂપને સ્મરણમાં લાવવા માટે નિમિત્ત છે એટલે તેના  ભગવાનના દર્શનની વિધિ ચાલે છે. શા માટે દર્શન કરવા આવે છે?

એકવાર એવું થયું હસમુખભાઇ! કે હું ઇન્દોર ગયો હતો. તો ત્યાં એક દસ-પંદર કિલોમીટર દૂર એક નવું મંદિર બન્યું હતું. તો ત્યાંનું આમંત્રણ આવ્યું કે આપ સાંજે આહાર લઇને મંદિર તરફ આવો અમારું મંદિર જોવા માટે, દર્શન કરવા માટે. મેં કીધું અચ્છા! (આવીશ.) તો પાંચ-દસ મુમુક્ષુની સાથે ત્યાં ગયા. તે ભાઇ પણ ત્યાં બધા મુમુક્ષુઓ ત્યાંના રહેવાવાળા છે તેની સાથે હતા. દર્શન કર્યા ને બેઠા તો વાત નીકળી કે પ્રતીમાના દર્શન કરવાનું શું કારણ છે? એવું કોઈકે પૂછ્યું. કે પ્રતીમા-ભગવાનના દર્શન કરવાથી શું લાભ થાય છે? મેં કહ્યું કે આત્મલાભ થાય છે. આત્મલાભ થાય છે? હા, આત્મલાભ થાય છે. કોને? કોને

થાય છે? તો તેના માટે મેં એક દષ્ટાંત આપ્યું.

એક જંગલની અંદર સિંહણ હતી સિંહણ. જેમ ગીરના જંગલમાં સિંહ રહે છે ને? તો વિયાણી, પ્રસુતિ થાય તો બચ્ચા થાય છે. તેમાં બે-ત્રણ બચ્ચામાંથી એક બચ્ચું છૂટું પડી ગયું. તો તે (બચ્ચું) ભરવાડના ઘેટાની સાથે ભળી ગયું. તે પણ ઘેટાની સાથે મોટું થવા લાગ્યું. ઘેટાની સાથે રહેવાથી જેને જોવે તે હું છું તેવી ભ્રાંતિ થઈ ગઈ. પોતાનું સ્વરૂપ ભૂલી ગયો. હું (તો) સિંહ છું એમ ભૂલી ગયો. જેને જોવે છે તેની સાથે રમે છે તો હું પણ ઘેટું છું આહાહા! ઘેટાને શું કહે છે? હા ભેડ. ભેડ. તો એવું થયું, તે ધીમે ધીમે મોટું થઇ ગયું. ભરવાડને થયું કે આ ભૂલું પડી ગયું છે તો તેને પણ સાથે રાખું છું. થોડું થોડું મોટું થવા લાગ્યું.

એક વખત શું થયું કે તે બધા (ભરવાડ અને ઘેટા) જંગલમાં જતા હતા તો સામે એક ટેકરી હતી. તે ટેકરી ઉપર સિંહ આવ્યો. સિંહે તે (બચ્ચાને) જોયું! અરે! આ તો મારી જાતનું બચ્ચું સિંહ તે ઘેટાની સાથે કેમ ભળી ગયું. પેલા તો ઘેટા છે અને તે તો સિંહ છે. મારી જાતનું બચ્ચું છે. આને છોડાવવું કેવી રીતે? તેમાંથી તેની ભ્રાંતિ તો થઈ ગઈ. આ તો  તેને ભ્રાંતિ થઇ ગઇ હતી. ઘેટું તો તે હતું નહીં. એ તો સિંહનું બચ્ચું હતું. સિંહનું બચ્ચું તો સિંહ જેવું જ હોય છે. તો તેણે ત્યાંથી તેની ભાષામાં એક ત્રાડ પાડી, અવાજ કર્યો. તેની ભાષામાં. સિંહની વૃત્તિ તો અંદરમાં પડી હતી શક્તિ, વૃત્તિ ઊઠી. તેણે ત્યાંથી કહ્યું, પહેલાં તું મારી સામે જોજે. મારી સામે જોયા પછી તું તારી સામે જો. તેણે (બચ્ચાએ) એમ કર્યું. આમ (પોતાની સામે જોઇને) કરીને આમ (સિંહ સામું જોયું.) કર્યું, અરે! હું તો સિંહ છું. કુદીને બહાર નીકળી ગયું. બહાર નીકળી ગયું.

મુમુક્ષુ - પોતાની શક્તિનો ખ્યાલ આવી ગયો. સ્વરૂપનો ખ્યાલ આવી ગયો.

ઉત્તર :- ખ્યાલ આવી ગયો.

તેવી રીતે આ જે પ્રતીમાનો વ્યવહાર છે તે સાચો છે. તેનાથી શું ફાયદો થાય છે કે ચોવીસ કલાક વ્યાપાર-રોજગારમાં આત્મા પડ્યો હોય, તેમાં ચોવીસ કલાકમાંથી કોઇ સવારે દર્શન કરવા આવે છે, કોઈ સાંજે દર્શન કરવા આવે છે. કોઇ પ્રતીમાને જોઇને ચોવીસ કલાકમાં પોતાના  આત્માનું વિસ્મરણ થઈ ગયું હતું, જેમ સિંહના બચ્ચાના સ્વરૂપનું વિસ્મરણ, હતો સિંહ, હતો સિંહ પણ ઘેટું છે એવી ભ્રાંતિ થઇ ગઇ. તો ચોવીસ કલાકમાં હું વ્યાપારી છું, હું વ્યાપારી છું, હું વ્યાપારી છું, વ્યાપારી છું, ભ્રાંતિ થઇ ગઇ. હું મનુષ્ય છું, હું મનુષ્ય છું. હું પૈસા કમાવાવાળો છું, ભ્રાંતિ થઇ ગઇ હતી. મંદિરજીમાં દર્શન કરવા માટે આવ્યો, આહા! પરમાત્માના દર્શન કરે છે. હે અરિહંત પરમાત્મા! જેવું આપનું સ્વરૂપ છે તેવું મારું સ્વરૂપ છે. તેના દર્શન કરવાથી પોતાના સ્વરૂપનું સ્મરણ આવે છે. તે  સ્વરૂપનું સ્મરણ આવતા આવતા,

ત્યાં દર્શન કરતાં કરતાં સમ્યગ્દર્શન થઇ જાય છે. તો પ્રતિમાના દર્શન તે સમ્યગ્દર્શનનું નિમિત્ત કારણ છે. એમ આગમમાં લખ્યું છે. સાચું છે.

કેમકે તેને જોયા પછી, અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા પછી આત્મા જો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તેનો મોહ ક્ષય થઈ જાય છે. તેની સાથે મેળવણી કરી લ્યે છે. જેમ સિંહે કહ્યું કે મારી સામે જો. સિંહે કહ્યું કે મારી સામે જો, એમ ભગવાને કહ્યું કે મારી સામે જો અને પછી ભગવાને કહ્યું કે તારી સામે જો તો જેવો હું તેવો તું. તો સિંહે જોયું, આહા! એમ જયારે તે જોવે છે તો કુદકો મારીને સંસારથી પાર થઈ જાય છે. જેમ બચ્ચું નીકળી ગયું ને તેમ આ આત્મા ચાર ગતિ છોડી દયે છે અલ્પકાળમાં. એવું નિમિત્ત છે તે. એમ અધ્ધરથી વાત નથી.

મુમુક્ષુ - શ્રીમદ્જીએ કહ્યું હતું કે જિનપ્રતીમાના સ્વરૂપનું કારણ અને ધ્યાનનું કાર્ય એવી જે જિનપ્રતીમા તેનાથી લાખો લોકો વિમુખ થયા.

ઉત્તર :- બરાબર. વિમુખ થયા. શ્રીમદ્દનું વાકય બરાબર છે.

આહાહા! એ તો પરમાત્મા છે ને તે પોતાના સ્વરૂપનું સ્મરણ કરવા માટે છે. તે તો પોતાના સ્વરૂપમાં લીન છે. તે તો કહેતા નથી કે તું તારામાં જો, પણ તેને જોવાથી પોતાના સ્વરૂપનું વિસ્મરણ થયું હતું, ચોવીસ કલાક વેપારમાં, આહાહા! આત્માને યાદ નહોતો કરતો પણ મંદિરમાં આવવાથી થોડી કષાયની શાંતિ થાય છે. મંદતા થાય છે. વેપારના ગ્રાહક તો ત્યાં કોઈ છે નહીં. દાળના ગ્રાહક મંદિરમાં તો આવતા નથી. દુકાન પર હોય છે. દાળના વેપારી છે. મોટા વેપારી. ત્યાં તો કોઈ ગ્રાહક હોય નહીં. ત્યાં તો પ્રભુના દર્શન કરે છે. દર્શન કરવાથી, આહાહા! આપ અરિહંત છો, વ્યકતરૂપ અરિહંત થઇ ગયા છો. હું શકિતરૂપ સિધ્ધ છું, અરિહંત છું. આહા! હું મારા સ્વરૂપને ભૂલી ગયો છું. પ્રભુ! આપનું જેવું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે. આપની જાત અને મારી જાત એક છે. આપની જાતમાં અને મારી જાતમાં ફેર નથી. પણ ઘેટાની વચ્ચે તે બચ્ચું આવી ગયું પણ સિંહને કહ્યું કે મારી જાત છે, ઘેટાની જાત નથી. હું સિધ્ધ સમાન આત્મા છું તો તેના દર્શન કરવાથી અનુભવ થાય છે.

અચ્છા! ભગવાનની પ્રતિમાની પૂજા કરો તો શુભભાવ થાય. શુભભાવ નહીં આત્માનું જ્ઞાન થાય છે. શુભભાવને ગૌણ કરી દયો. પુણ્ય બંધાય તેને ગૌણ કરી દે. પુણ્ય બંધાય તે માટે મંદિરમાં જાતા નથી. હું મારા સ્વરૂપનું સ્મરણ કરવા માટે પ્રતીમાની સામે ઊભો રહું છું. પ્રભુ! જેવું આપનું સ્વરૂપ છે તેવું મારું સ્વરૂપ છે એટલા માટે પ્રતીમા છે. શુભભાવ માટે પ્રતીમા નથી. આહા!

આમ ભેદજ્ઞાનનો મંત્ર ચાલે છે કે અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા ભિન્ન છે અને પરને પ્રસિધ્ધ કરવાવાળું ઇન્દ્રિયજ્ઞાન ભિન્ન છે. જ્ઞેય ભિન્ન અને જ્ઞાન ભિન્ન. આહાહા! જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન એટલે કે ઇન્દ્રિયજ્ઞાન વ્યવહારજ્ઞાન છે અને ભગવાન આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય નિશ્ચયજ્ઞાન છે. નિશ્ચયજ્ઞાનથી વ્યવહારજ્ઞાન ભિન્ન છે. વ્યવહારજ્ઞાન કહો, અજ્ઞાન કહો, જ્ઞેય કહો, આહાહા!

એવી રીતે **જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી**, અન્યદ્રવ્યોથી એટલે કે પુણ્ય-પાપના પરિણામથી, ઇન્દ્રિયજ્ઞાનથી નવતત્ત્વનો જે ભેદ છે તેનાથી અલગ ભિન્ન આત્મા છું. ગુણસ્થાન ૧૪-માર્ગણાસ્થાન એ પરિણામમાત્રથી મારો આત્મા ભિન્ન છે, તે અન્યદ્રવ્ય છે. સ્વદ્રવ્ય નથી. **અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા**, પરમાર્થે એટલે કે ખરેખર જુદા એવા પોતાના આત્માને અનુભવે છે જયારે આત્મા. આહાહા! ઇન્દ્રિયજ્ઞાનનું લક્ષ છોડીને અતીન્દ્રિયજ્ઞાનમય આત્મામાં ઉપયોગ લગાવે છે, આહા!

આત્મામાં ઉપયોગ લગાવે છે તેનું નામ યોગ છે અને ઉપયોગ આત્મામાં લાગી જાય તેનું નામ યોગી છે. આત્મા છે તેના પ્રતિ જયારે ઉપયોગ લાગે છે, ઉપયોગને આત્માની તરફ જૂકીને લગાવવો તેનું નામ યોગ છે. અને તેનો અનન્ય અનુભવ થવો તેનું નામ યોગી છે. આહાહા! યોગી છે, ધ્યાની છે, જ્ઞાની છે. એવી રીતે જ્યારે પોતાના આત્માને આત્મા અનુભવે છે, પુણ્ય-પાપનો અનુભવ તો અનંતવાર કર્યો. પુણ્ય-પાપનો અનુભવ કરીને તો આજ સુધી દુઃખી થયો. હવે પુણ્ય-પાપનો અનુભવ છોડીને જાણવાવાળાને જાણી લે, આહાહા!

કે હું તો જાણનાર છું. હું પુણ્ય-પાપનો કરવાવાળો નથી અને પુણ્ય-પાપને જાણવાવાળો પણ હું નથી. કરવાવાળો તો નથી પણ જાણવાવાળો પણ હું નથી. તો જાણવાવાળો જુદો છે. પુણ્ય-પાપને કરવાવાળો તો જુદો છે અને પુણ્ય-પાપને જાણવાવાળો પણ જુદો છે. એનાથી હું જુદો છું. આહા! શું કહ્યું? કે પુણ્ય-પાપના પરિણામ જે વિકારભાવ છે તેને કરવાવાળું પુદ્‌ગલ છે. હું તેનો કરવાવાળો નથી. તેથી હું અકર્તા છું. પુણ્ય-પાપને કરવાવાળું દ્રવ્યકર્મ છે. હું તેને કરવાવાળો નથી તેથી હું અકર્તા છું અને તેને જાણવાવાળું ઇન્દ્રિયજ્ઞાન છે. હું જાણવાવાળો પણ નથી. તેનાથી હું જુદા જાણવાવાળાને જાણું છું, તે હું છું. મારા જાણવાના વિષય પુણ્ય-પાપ પણ નથી, કરવાનો વિષય પણ પુણ્ય-પાપ નથી અને જાણવાનો વિષય પણ પુણ્ય-પાપ નથી. જાણવાનો વિષય મારો આત્મા છે. મારા આત્માને જાણવાથી મને શાંતિ થાય છે.

**એવા પોતાના આત્માને અનુભવે છે**. એક એક શબ્દનો આ વિસ્તાર ચાલે છે. આહા! પોતાના આત્માનો જયારે આત્મા અનુભવ કરે છે **તે**, તે **(નિશ્ચયથી)** સાધક આત્મા અનુભવી આત્મા '**જિતેન્દ્રિય જિન' છે**. આહાહા! ઇન્દ્રિયજ્ઞાનથી અધિક આત્માને, અતીન્દ્રિયજ્ઞાનમય આત્માને અનુભવમાં લીધો તો જિન થઇ ગયો. આહા! તેનું નામ ઇસતજિન છે. નાનો જિન,

મોટો જિન નથી થયો પણ જિનની જાત છે. તે અરિહંતની જાત પ્રગટ થઇ ગઇ. અરિહંત થવા પહેલાં અરિહંતથી નાના જિન થઈ ગયા. આહા! મોહને જીતી લીધો, ઇન્દ્રિયજ્ઞાનને જીતી લીધું, નિર્મોહી થઇ ગયો, અતીન્દ્રિયજ્ઞાનમય થઇ ગયો. તો '**જિતેન્દ્રિય જિન' આહાહા! ઇનટૂ કોમામાં** લખ્યું છે.

'**જિતેન્દ્રિય જિન**' જેણે આત્માનો અનુભવ કર્યો તેનું નામ જિન છે. આહાહા! જૈન નહીં જિન છે. આહાહા! જિન તો તે અરિહંતની જાતના થઈ ગયા. 'જિતેન્દ્રિય જિન' ઇન્દ્રિયોને જીતી લીધી. તેથી તેનું નામ જિન થઇ ગયું. **જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી**. એટલે કે જે ચૈતન્ય પરમાત્મા છે, જ્ઞાનસ્વભાવી આત્મા છે તે અન્ય અચેતન દેહાદિ, પુદ્‌ગલાદિ, પૈસા આદિ કે ધન-ધાન્ય આદિ કે હીરા-મોતી-માણેક આદિ તે અચેતન છે. તેમાં આ ચેતન પરમાત્મા નથી. તેનાથી અલગ છે ભગવાન આત્મા. **અન્ય અચેતન દ્રવ્યોમાં નથી**, અને પુણ્ય ને પાપના પરિણામ અચેતન છે તેમાં આત્મા નથી. આહાહા!

હિંસા અહિંસાના પરિણામ જે આસ્રવતત્ત્વ છે અચેતન તેમાં ચેતન આત્મા નથી. **અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક**, સર્વથી જુદા, અધિક એટલે તેનાથી **જુદો હું છું**, આહા! **જુદો જ છે. સર્વથી અધિક જુદો જ છે**. કેવો છે તે જ્ઞાનસ્વભાવ? જે પરથી જુદો થઈ ગયો, દષ્ટિમાં જ્ઞાનસ્વભાવ આવી ગયો તે જ્ઞાનસ્વભાવ કેવો છે? તે જ્ઞાનસ્વભાવ જે દષ્ટિમાં આવ્યો તે કેવો છે? તે દષ્ટિવંત બતાવે છે. જેને સમ્યક્‌દષ્ટિ, સાચી દષ્ટિ થઇ ગઇ, સમ્યક્ એટલે સાચી સમીચિન સાચી દષ્ટિ થઈ ગઈ. જેવો આત્મા છે તેવા આત્માની દષ્ટિ અનુભવમાં આવી ગઈ તો, અનુભવી ફરમાવે છે.

કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આત્મા જે અનુભવમાં આવ્યો, અનુભવમાં આવ્યા પછી શાસ્ત્ર લખે છે. આહા! અજ્ઞાનીને, અજ્ઞાની લખે છે ને? તે ચોપડા લખે છે. અજ્ઞાની શાસ્ત્ર લખી શકતા નથી. આહાહા! ચોપડા તો બહુ જ છે. હજારો, લાખો, કરોડો. પણ શાસ્ત્ર! આહાહા! તે તો અનુભવી આત્મા લખી શકે છે. કેવો છે તે જ્ઞાનસ્વભાવ? કે જે અનુભવમાં આવ્યો પરથી જુદો તે આત્માનો સ્વભાવ શું છે?

**આ વિશ્વની (સમસ્ત પદાર્થની) ઉપર તરતો**, આખું જે વિશ્વ છે, બહારનું વિશ્વ છે તેનાથી તરતો એટલે કે જુદો, તરતો એટલે જુદો. જેમ લાકડી છે તે પાણીમાં તરે છે પણ પાણીથી અલગ રહે છે. તો પાણીમય લાકડી હોતી નથી. તે ઉપર ઉપર તરે છે. તે પાણીમય થતી નથી, ડૂબતી નથી. પાણીની ઉપર હોવા છતાં પણ તે પાણીમાં ડૂબી જાતી નથી. ઉપર ઉપર તરે છે. એમ **આ વિશ્વની ઉપર તરતો અર્થાત્ તેમને જાણતાં છતાં તે રૂપ નહીં થતો**, આહાહા! તે આખું વિશ્વ જ્ઞાનની અંદર જ્ઞેય થવા છતાં પણ તે આત્મા વિશ્વરૂપ અર્થાત્ અનેકરૂપ થતો

નથી. વિશ્વનો અર્થ અનેક. આત્મા એકપણું છોડતો નથી અને અનેકરૂપ થતો નથી. ત્રિકાળ .... અચ્છા!

એક બહારના વિશ્વથી તો જુદો છે પણ એક અંદરનું વિશ્વ જુદું છે, અંદરનું. અંદરનું વિશ્વ શું છે? કે આત્મા અભેદ સામાન્ય એક છે. તેની જે અવસ્થા થાય છે અનંતગુણની અનંત પર્યાય તે અંદરનું વિશ્વ છે. તે વિશ્વથી પણ આત્મા જુદો છે. આહાહા! બે પ્રકારનું વિશ્વ છે. એક બહારનું, એક અંતર-અંદરનું વિશ્વ. બે વિશ્વથી જુદો આત્મા અભેદ સામાન્ય એકરૂપ છે.

મુમુક્ષુ - અંદરની વ્યવસ્થા જુદી છે.....

ઉત્તર :- કોનાથી? અંદરનું વિશ્વ, જે ક્રોધ, માન, માયા, લોભ, વ્રત, અવ્રત, દયા, દાન, હિંસાના, અહિંસાના જે પરિણામ થાય છે અથવા જે ગુણસ્થાનના પરિણામ થાય છે, માર્ગણાસ્થાનના પરિણામ થાય છે ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થાય છે ને પર્યાય, તે પર્યાય અનેકરૂપ છે અને દ્રવ્ય તો એકરૂપ છે. પર્યાય અનેકરૂપ છે. તો વિશ્વનો અર્થ અનેકપણું. જ્યાં અનેકપણું હોય તેનું નામ વિશ્વ છે. જેમ છ દ્રવ્યથી ભરેલો લોક છે તે અનેક થઇ ગયા ને? અનંતા જીવ, અનંતા પુદ્‌ગલ, પરમાણુ, આખું વિશ્વ, તે વિશ્વથી જુદો બહારના વિશ્વથી જુદો છે તેમ અંદરના વિશ્વથી પણ આત્મા જુદો છે. વિશ્વમાં અનેકપણું છે, મારામાં અનેકપણું નથી. હું તો એક ટંકોત્કીર્ણ પરમાત્મા છું. આહા!

'એકો અહમ' 'એકો અહમ' હું એક છું. અનેકભાવ મારા નથી. એક અવિનાશી છે અને અનેક જે પરિણામ પ્રગટ થાય છે તે તો નાશવાન છે. નાશવાન હું નથી. પર્યાયદષ્ટિ છૂટી ગઇ, દ્રવ્યદષ્ટિ થઈ ગઇ, અનુભવ થઇ ગયો. અનુભવ પછી આ જ્ઞાનસ્વભાવ કેવો છે? તો કહે આખા વિશ્વથી જુદો છે. વિશ્વ દેખાય જાય છે પણ વિશ્વમય થતો નથી. તેમ અનંત પર્યાય જ્ઞાનમાં જ્ઞેયરૂપ જણાય જાય છે પણ જ્ઞાન અનેકરૂપ થતું નથી. આહાહા! અંદરમાં અનેકરૂપ જે પર્યાય દેખાય છે તે જ્ઞેય છે. અને ધ્યેય તો એક છે. જ્ઞેય અનેક છે, ધ્યેય તો એક છે. હું તો ધ્યેયનું ધ્યાન કરું છું, જ્ઞેયનું ધ્યાન કરતો નથી. અંદરની વાત છે.

મુમુક્ષુ - જ્ઞેય-જ્ઞાયક એટલે એક અનેકાંત થઈ ગયું.

ઉત્તર :- જૈનદર્શન થઇ ગયું. પર્યાય અનેક છે પણ આત્મા એકરૂપ છે. કોણ ના પાડે છે? પણ હું અનેકરૂપ છું કે હું એકરૂપ છું? આહાહા! અનેકની અસ્તિ મારામાં નાસ્તિ એવી મારી એકરૂપ અસ્તિ એવી મસ્તી તેનું નામ અનુભવ છે. અનેકની અસ્તિ છે પર્યાય અનેક અનંત પર્યાય કોણ ના પાડે છે? અનંતગુણ છે. અનંતગુણની અવસ્થા પણ સમયે સમયે સ્વયં પ્રગટ થાય છે. આત્મા કરવાવાળો નથી. નૈસર્ગીક છે તે. પર્યાયનો ઉત્પાદ નૈસર્ગિક છે. આત્મા

ઉત્પાદનો ઉત્પાદક નથી. ખરેખર તો ઉત્પાદનો જાણવાવાળો પણ નથી. એ તો વાત છે ઝીણી, લોઢા કાપે છીણી.

મુમુક્ષુ - તેના ગુણની સ્વતંત્ર શકિત છે.

ઉત્તર :- સ્વતંત્ર શકિત છે. ગુણ-પર્યાયનો કર્તા નથી, દ્રવ્ય પર્યાયનો કર્તા નથી. પર્યાય સ્વયં, સતુ, અહેતુક સ્વકાળે પ્રગટ થાય છે અને વ્યય થાય છે. એવું અંદરનું વિશ્વપણું પર્યાય અનંત છે. અનંતગુણ છે તો અનંત પર્યાય સમયવર્તી પ્રગટ થાય છે. પણ જે અનંત પર્યાય પ્રગટ થાય છે તેની અસ્તિ છે પણ મારામાં નાસ્તિ છે. એકમાં અનેકનો અભાવ છે. અનેક અનેકરૂપે છે પણ અનેક એકરૂપ થતું નથી. એક અનેકરૂપ થતું નથી. અંદરનો વિભાગ છે. મારામાં નથી...... મારામાં નથી તે ઘુંટવું. દેહ છે મારામાં નથી, દેહ મારો નથી. આ કુટુંબ કબીલા છે, છે પણ મારામાં નથી. મારા નથી મારામાં નથી તેથી મારા નથી.

તેવી રીતે અનંત પર્યાય છે પણ મારામાં નથી. મારામાં નથી એટલે મારી ચીજ નથી. તેથી મમત્વ થતું નથી એટલે પર્યાયદષ્ટિ છૂટી જાય છે અને દ્રવ્યદષ્ટિ થઈ જાય છે.

મુમુક્ષુ - માસ્ટર ચાવી આપી દીધી.

ઉત્તર :- એ તો કુંદકુંદાચાર્ય ભગવાનની દેન છે. શુધ્ધાત્મા હથેળીમાં બતાવે છે. હું હથેળીમાં બતાવું તારું કામ શું કે રુચિની આંખ ખોલવી. રુચિની આંખ ખોલો તો દેખાશે. આ આંખથી નહીં દેખાય. રુચિ અંદર રુચિ જોઈએ. મારે આત્માના દર્શન કરવા છે. તો રુચિ ઉત્પન્ન થઇ તો અંદરના જ્ઞાનચક્ષુ ખુલી જાય છે. જ્ઞાનચક્ષુ ખુલવાથી આત્માનો અનુભવ થઇ જાય છે. આમ જ્ઞાનસ્વભાવ કેવો છે તેનો વિસ્તાર છે.

**આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો**, તરતો એટલે જુદા, વિશ્વથી જુદા. વિશ્વ છે, વિશ્વ એટલે શું? છ દ્રવ્ય છે. છ દ્રવ્યને ન માને તો તે સર્વજ્ઞને નથી માનતો, જૈનધર્મી નથી. **(અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન**, આહાહા! જાજ્વલ્યમાન જયોતિ છે. કહે, પ્રત્યક્ષ છે આત્મા, પરોક્ષ નથી. છે પ્રગટ છે. **પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી, પ્રકાશમાનપણાથી, સદાય**, ત્રણેકાળ, હંમેશા **અંતરંગમાં પ્રકાશમાન** છે. જાજ્વલ્યમાન જયોતિ, ચૈતન્યજયોતિ ઝળહળ જયોતિ પ્રગટ છે. કેમ દેખાતી નથી? કે તું જોતો નથી. કેમ દેખાતી નથી? કે તું જોતો નથી. તું અહીં જોવે છે પણ તે તો અંતરંગમાં છે. તું બહાર જોવે છે. આહાહા! તે બહાર વસ્તુ નથી, અંદરમાં છે.

**અંતરંગમાં પ્રકાશમાન**, જૈનસાહેબ ના ઘરથી સિકોહાબાદથી આવ્યા બહુ પ્રમોદ આવ્યો

સાંભળીને બહુ જ, અંદરથી પ્રમોદ આવે છે. ઉછાળા આવે છે. આહા! **પ્રકાશમાન અવિનશ્વર**, નાશવાન હું નથી, હું તો અનાદિ અનંત છું, આહાહા! **અવિનશ્વર**, નાશ થાય છે તે મારી ચીજ નથી. સ્વતઃસિદ્ધ, આહા! હું તો અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ છું. તો પાંચ પદાર્થ ભેગા થાય અને આત્મા બની જાય એવું આત્માનું સ્વરૂપ નથી. કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ નથી અને વિયોગથી નાશ થતો નથી. એવું શ્રીમદ્દનું વચન છે. છઠ્ઠી ગાથામાં પણ તે છે. **સ્વતઃસિદ્ધ**, આત્મા સ્વતઃસિદ્ધ છે. **અને પરમાર્થસત્**. આહા! પરમાર્થે સત્ છે. એટલે કે ત્રિકાળ સત્ છે. વ્યવહારિક સત્ તે સંવર, નિર્જરા અને મોક્ષ એ તો પરમાર્થ સત્ નથી. આ તો દ્રવ્યનું વિશેષણ ચાલે છે. આત્માનું વિશેષણ ચાલે છે. પર્યાય વિશ્વરૂપ છે તો મારામાં નથી તો હું કેવો છું? **પરમાર્થસત્ છું**.

**એવો ભગવાન જ્ઞાનસ્વભાવ આત્મા છે**. તેનું લક્ષ કરો તો સંસારનો નાશ થઈ જશે.

ॐ